સંપાદકીય

શિયાળાની સાર્વત્રિક જમાવટ

આખરે હવે ક્રમશઃ શીતકાળની જમાવટ થવા લાગી છે. એનાથી રાત્રિના રૂપ બદલાઈ ગયા છે. આપણો શિયાળાનો અનુભવ, પશ્ચિમના દેશોની તુલનામાં બહુ આછો અને ઓછો છે. છતાં જરાક શિયાળો એના અસલ સ્વરૂપમાં પ્રગટ થાય કે તરત જ સમાજજીવનમાં સનસનાટી મચાવતી શીતકથાઓ અને વાર્તાલાપો શરૂ થઈ જાય... આજે તો બહુ ઠંડી છે નહીં...? વહેલી સવારના અખબારમાં ઠંડી વધુ હોવાના સમાચાર વાંચીને કેટલાક વાંચકોને ઠંડી હોય એથીય અધિક અનુભવવા મળે! પશ્ચિમના દેશોમાં સમર મહેમાન જેવી મોસમ છે, પરંતુ વિન્ટર તો છે, છે અને છે. યુરોપ અને અમેરિકાના દેશોમાં ઠંડી જ સર્વકાલીન છે. તડકો નીકળે એ એમને માટે ગોલ્ડન ડે હોય. આપણો દેશ તો તુઓના વૈવિધ્યથી ભરપૂર છે.

આપણે ત્યાં શિયાળો ઉત્તર ભારતમાં એના પૂર્ણ રૂપે અવતરે છે, પરંતુ એ સિવાયના ભારતને શિયાળાનો જે અનુભવ છે તે હળવો છે. હિમાલયની ગિરિમાળાઓની તળેટીમાં આવેલા પ્રદેશો નિરંતર શીતકાળનો અનુભવ કરે છે, કારણ કે હિમાલય દુનિયાનો ત્રીજો ધ્રુવપ્રદેશ છે. શિયાળામાં સૌને ઓછુંવત્તું એકાંત મળે છે. આ એકાંત મહત્ અંશે સ્વજનોના સહવાસની ઝંખનાવાળું હોય છે. નાના હોઈએ ત્યારે મા શિયાળામાં આપણને બહુ સાચવતી હોય એટલે શિયાળો આવે ત્યારે મા યાદ આવ્યા વગર ન રહે. વારંવાર ઓઢાડતી હોય પોઢાડતી હોય. બાળપણના મોટા ભાગનાં સ્મરણો ચોમાસાથી ભીંજાયેલાં હોય છે, પરંતુ એના પછી તરત જ શિયાળાનાં સ્મરણો મનની સપાટી પર તરી આવે છે.

શિયાળામાં વિરહની આગ વધુ પ્રજ્વલિત હોય છે. આ સંસારમાં અનેક પ્રકારના વિયોગ છે. માતા-પિતા હયાત હોય તો પણ એનાથી દૂર રહેવાનો ઘરઝૂરાપો સંતાનોને લાગે છે. જેઓને જિંદગીમાં વિધવા કે વિધુર થવાનું આવે એમના માટે સ્વજનના મૃત્યુ પછીનો પહેલો શિયાળો બહુ આકરો હોય છે. સમય પણ ઠંડીમાં જાણે કે થીજી જાય છે. કોરોનાકાળમાં જેમણે સ્વજનો ગુમાવ્યા છે એમની યાતનાઓ આ જગતે વીસરી જવી જોઈએ નહીં. એ યાતનામાં જાણે કે હિમશીલાઓ વચ્ચે અસ્તિત્વ ઊભેઉભું ચણાઈ જાય છે. યુરોપિયન દેશો શીતાગાર જેવા છે. શિયાળાનો એમનો અનુભવ જીવનના એક અવરોધક પરિબળ તરીકે છે. આપણે ત્યાં વસંતતુ પૂરબહારમાં ખીલેલી હોય છે અને પ્રમાણમાં લાંબી ચાલે છે એટલે વાસંતી ગીતોનો મોટો ફાલ આવેલો છે, પરંતુ યુરોપિયન દેશોમાં અવારનવાર વિન્ટર સૉંગ સાંભળવા મળે છે. ત્યાં વિન્ટર સૉંગના અનેક રંગો છે. પરંતુ એમાં મુખ્ય સ્વર કરૂણ છે.

સમગ્ર ઉત્તર ભારતમાં શિયાળાની જમાવટ સોળે કળાએ ખીલી છે. શિશિર ઋતુ સર્વ દિશાઓમાંથી સૂસવાટા બોલાવે છે. વૃક્ષ-વનરાજિનાં પાંદડા સોનેરી થઈને પૃથ્વી પર અભિષેક કરી રહ્યાં છે. ઉત્તર ભારતના ખાસ તો હિમાલયની તળેટીથી નીચેના વિસ્તારના સર્વ ઊંચા પર્વત ઉપર બરફ છવાયેલો છે. નગાધિરાજ સ્વયં તો બરફાચ્છાદિત છે જ. વહેલી સવારના ગાઢ ધુમ્મસના પડદાઓ વાતાવરણને ઢાંકી દે છે. ધુમ્મસની રજાઈમાં વસુંધરા લપાઈ ગઈ છે. બહુ નજીકના અંતરે પણ આંખો કામ કરતી નથી. ઉત્તર ભારતમાં નાગરિકોની દિનચર્યા મધ્યાહ્ન થવા આવે ત્યારે શરૂ થાય છે અને જરાક બપોર ઢળે કે તેમનો દિવસ પૂરો થઈ જાય છે. રાત્રિઓનું સૌન્દર્ય જૂઈ ચમેલી જેવું છે પણ એનો સાક્ષાત્કાર તો કોઈ વિરલા જ કરી શકે. જેઓ મહાનગરોમાં ઊંચાં મકાનોમાં વસે છે તેમને અને તળિયે ઝૂંપડાઓમાં વસનારાઓને એકસરખી રીતે ચારે બાજુથી શિયાળાએ ઘેરી લીધા છે. એમને ચારેય દિશાના વા વાય છે.

પહાડી તળેટીમાં વસેલાં ગામડાઓમાં પણ જીવન વેરવિખેર થઈ ગયું છે. આ વખતે તો શિયાળો ભારત સરકારના હવામાન વિભાગની મજાક ઉડાડવા માટે જ આકરો બનીને આવ્યો છે. હજુ તો ઈસુના નવા વરસે ઉત્તરાખંડ, બિહાર અને ઝારખંડમાં બરફના કરા સાથે વરસાદ પડવાની સંભાવના છે. ગુજરાતમાં શિયાળાની રોનક જુદી જ છે. દૂર અંતરિયાળ વિસ્તારમાં ફાર્મ હાઉસ અને વાડીઓમાં ઊંધિયું, ઓળો અને રોટલાના કાર્યક્રમો મિત્રો-સગા-વહાલા ગોઠવે છે. ખેતરની બહાર ગાડીઓના કાફલા ખડકાય છે. સેવકો તાપણાં સરખા કરતા રહે છે. જેને શ્રીમંતાઈ સદી નથી અને વધારાનો રૂપિયો ઢોળાઈ જાય છે તેમની મહેફિલોમાં શરાબી રસાયણો ઉમેરાઈ જાય છે. ગુજરાતમાં નશાબંધીની વાત શીતકાળમાં પ્રસ્તુત છે કે નહીં એ ગુજરાત સરકારને પૂછવું પડે! હવામાન શાસ્ત્ર પ્રમાણે શિયાળાના દ્વિતીય ચરણની આ શરૂઆત છે. જેમને રોજનું કમાઈને રોજ રાંધવાનું છે એમને માટે આ કપરા દિવસો છે.

નક્સલીઓ પર લગામ

છત્તીસગઢમાં નક્સલી સંગઠનોના ગઢમાં જઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નક્સલીઓને આત્મસમર્પણ કરવાની અપીલ કરતાં જે કહ્યું કે તેમની સમક્ષ એના સિવાય બીજો કોઈ ઉપાય નથી, તે કહેવુ એટલા માટે જરૂરી હતું, કારણ કે નક્સલી હજુ પણ મુખ્યધારામાં પાછા વળવા તૈયાર દેખાતા નથી. આ સ્થિતિમાં એ જ યોગ્ય રહેશે કે તેમના આત્મસમર્પણનો રસ્તો ખુલ્લો રાખવાની સાથે જ તેમના પર સતત દબાણ પણ બનાવવામાં આવે. તેમની સામે એ વારંવાર સ્પષ્ટ કરવું પડશે કે તેઓ બંદૂકના જોરે સત્તા અને વ્યવસ્થા પરિવર્તનનું જે સપનું જોઈ રહ્યા છે તે ક્યારેય પૂરું થવાનું નથ. કેન્દ્રીય ગૃહમંત્રી છેલ્લા કેટલાક સમયથી એ દોહરાવી રહ્યા છે કે કેન્દ્ર સરકાર માર્ચ ૨૦૨૬ સુધી નક્સલવાદની સમસ્યાને સંપૂર્ણપણે ખતમ કરી દેશે. આ લ-યને પામવા માટે જ્યાં એ જરૂરી છે કે નક્સલ પ્રભાવિત રાજ્યોની સરકારો કેન્દ્ર સરકારનો પૂરતો સહયોગ કરે, ત્યાં જ નક્સલીઓના પ્રભાવવાળા વિસ્તારોમાં વિકાસ અને જનકલ્યાણની યોજનાઓ ઝડપથી આગળ વધારવામાં આવે. એવું એટલા માટે કરવું જોઈએ, જેથી નક્સલી સંગઠન અને તેના વૈચારિક સમર્થક કહેવાતા તત્ત્વો એટલે કે અર્બન નક્સલો એવો દુષ્પ્રચાર ન કરવા પામે કે દૂરસ્થ વિસ્તારોમાં શાસન વિકાસ પર ધ્યાન નથી આપતું. જોકે આ દુષ્પ્રચારની પોલ ખૂલી જ ગઈ છે અને એ સાબિત થઈ ચૂક્યુ છે કે નક્સલી જ ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ કાર્યોમાં રોડાં બન્યા છે.

એ બધા જાણે છે કે નક્સલી કઈ રીતે પોતાના વિસ્તારોમાં સડકો નથી બનવા દેતા અને સ્કૂલો તથા હોસ્પિટલોના નિર્માણમાં રોડાં નાખે છે. તેમની આવી હરકતોને કારણે તેનો પર્દાફાશ થઈ ચૂક્યો છે કે તેઓ નિર્ધન વર્ગોના હિતોની લડાઈ લડી રહ્યા છે. વાસ્તવમાં તેઓ આ વર્ગોના હિતોની રક્ષામાં સૌથી વધુ અડચણ બનીને આવે છે અને એટલે જ તેમનો પ્રભાવ ઓછો થતો જાય છે. એ ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં નક્સલ પ્રભાવિત જિલ્લાની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. ૨૦૧૯માં નક્સલી હિંસાથી પ્રભાવિત જિલ્લાની સંખ્યા ૯૦ હતી. હવે આ સંખ્યા ૪૦થી પણ ઓછી રહી ગઈ છે. આ સંખ્યામાં હજુ વધુ ઘટાડો ત્યારે થશે, જ્યારે નક્સલીઓને લાગશે કે તેમના છૂપાવા માટે કોઈ જગ્યા નથી રહી. કદાચ ત્યારે જ તેઓ પોતાના નિરર્થક સંઘર્ષને વિરામ આપવા માટે તૈયાર થશે. જ્યાં સુધી તેઓ એવું નહીં કરે, ત્યાં સુધી તેમના વિરુદ્ધ કઠોરતાનો પરિચય આપવામાં સંકોચ ન કરવો જોઈએ. એટલા માટે કે કારણ કે તેઓ જ્યારે-ત્યારે સુરક્ષા દળોને નિશાનો બનાવતા રહે છે. એ સાચું કે નક્સલીઓની તાકાત ઓછી થઈ છે, પરંતુ તેમના વિરુદ્ધ અભિયાન એટલા માટે ચાલુ રહેવું જોઈએ, જેથી તે નવેસરથી ખુદને સંગઠિત ન કરી શકે. નક્સલીઓ વિરુદ્ધ ચાલતા અભિયાન અંતર્ગત એ અવશ્ય જોવું જોઈએ કે તેમના સુધી આધુનિક હથિયારો કઈ રીતે પહોંચી રહ્યા છે.

દિલ્હીની ચૂંટણીમા આંબેડકર વિવાદ બાદ કોંગ્રેસ 'દલિત કાર્ડ' ખેલશે

નવીદિલ્હી : દિલ્હી વિધાનસભાની ચૂંટણી થોડા દિવસો દૂર છે ત્યારે સંસદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આંબેડકર વિશે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીનો ફાયદો કોંગ્રેસને મળી શકે એમ છે. કોંગ્રેસની થિક્ટેકનું માનવું છે કે જો આંબેડકર વિવાદ પર આમ આદમી પાર્ટી અને ભાજપને ઘેરવામાં આવે તો દલિત મતદારો કોંગ્રેસ તરફ થઈ શકે છે. જો આમ થાય તો દિલ્હીની ૩૭ બેઠકો પર કોંગ્રેસને ફાયદો થશે. એમ મનાય છે કે દિલ્હીના ૧૫ ટકા મુસ્લિમ મતદારો કોંગ્રેસ તરફથી છે. મુસ્લિમ મતદારોને સહારે ૮ બેઠકો પર વિજય મળી શકે એમ છે. જોકે આ માટે કોંગ્રેસને દલિત મતદારોની જરૂર છે. દિલ્હીમાં દલિત મતદારોની સંખ્યા ૧૭ ટકા જેટલી છે.

એનએચઆરસીના અધ્યક્ષ બાબતે કોંગ્રેસની નારાજગી

નેશનલ હ્યુમન રાઇટ કમિશન (એનએચઆરસી)ના પ્રમુખ તરીકે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ વી. રામસુબ્રમણ્યમને પસંદ કર્યા છે. તેનાથી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અને વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી નારાજ થયા છે. તેમાં પારદર્શિતા રાખવામાં આવી નથી અને પહેલેથી જ બધુ સેટીંગ હતું એવી લાગણી વિપક્ષના નેતાઓ વ્યક્ત કરી રહ્યા છે. આ નિમણૂક માટે વિરોધપક્ષોને વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી. રાહુલ ગાંધીની ઇચ્છા હતી કે આ પદ પર રોહિન્ટન ફલી નરીમાન અને જસ્ટીસ કુટ્ટીયીલ મેથ્યુ જોસેફમાંથી કોઈની પસંદગી કરવામાં આવે. એનએચઆરસીના પ્રમુખ અને સભ્યોની પસંદગી માટે ૧૮મી ડિસેમ્બરે સંસદમાં પસંદગી સમિતિની મિટિંગ મળી હતી. આ મિટિંગમાં રાહુલ ગાંધી અને ખડગેએ પસંદગીની પ્રક્રિયા બાબતે પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.

બાંગ્લાદેશની પ્રત્યાર્પણની માંગણીથી બચવા હસીનાના પ્રયાસો

બાંગ્લાદેશની વચગાળાની સરકારે ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસિનાના પ્રત્યાર્પણની ભારત સરકાર પાસે માંગણી કરી છે. જોકે આ બાબતે બાંગ્લાદેશમાં ભારતના એમ્બેસેડર રહી ચૂકેલા મહેશ સચદેવાએ કહ્યું છે કે, બાંગ્લાદેશની અપીલ છતા પણ શેખ હસિનાનું પ્રત્યાર્પણ અટકી શકે છે. આ માટે શેખ હસિનાએ ફક્ત કોર્ટમાં અપીલ કરવાની રહે છે. જે રીતે યુરોપના દેશો સાથે પ્રત્યાર્પણ સંધી હોવા છતાં યુરોપના કેટલાક દેશોએ ભારતને ગુનેગારોનું પ્રત્યાર્પણ કરવાની ના કહી દીધી છે. આ રીતે ભારત પણ હસિનાના પ્રત્યાર્પણ માટે ના કહી શકે છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રત્યાર્પણ સંધી માટે ઘણી શરતો છે. રાજનિતિક કિસ્સાઓમાં પ્રત્યાર્પણની વિનંતી નકારી શકાય છે. શેખ હસિના આ બાબતે કોર્ટમાં જઈને કહી શકે છે કે બાંગ્લાદેશમાં એમની સાથે અન્યાય અને ગેરવર્તુણક થવાની શક્યતા છે. ભારત પણ કહી શકે છે કે શેખ હસિનાને બાંગ્લાદેશ મોકલવામાં આવશે તો એમને યોગ્ય ન્યાય મળશે નહીં.

ઉદ્ધવ - રાજ ઠાકરેની મુલાકાતથી મહારાષ્ટ્ર રાજકારણમાં ગુસપુસ શરૂ

રાજ ઠાકરેએ શિવસેનાથી અલગ થઈને મનસેની સ્થાપના કરી ત્યારથી ઉદ્ધવ ઠાકરે સાથેના એમના સંબંધોમાં કડવાશ આવી ગઈ છે. રાજ ઠાકરે નક્કી કરી શક્યા નથી કે કઈ વિચારધારાને અનુસરવું. વારંવાર વિચારધારા બદલવાને કારણે રાજ ઠાકરેને રાજકીય સફળતા મળી નથી. થોડા દિવસો પહેલા એક લગ્ન સમારંભમાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે) રાજ ઠાકરે સાથે ગયા હતા. રાજ ઠાકરેના મોટા બહેન જયવંતી દેશપાંડેના પુત્ર યશ દેશપાંડેના લગ્ન હતા. રાજ અને ઉદ્ધવે ઘણા સમય સુધી સાથે બેસીને વાતચીત કરી એને કારણે મહારાષ્ટ્રના રાજકારણમાં એવી ચર્ચા થઈ રહી છે કે ઉદ્ધવ અને રાજ ઠાકરે ફરીથી સાથે આવી રહ્યા છે. જોકે સંજય રાઉતે આ બાબતે પત્રકારોને કહ્યું છે કે, મહારાષ્ટ્રને ઠાકરે પરિવાર માટે ઊંડો પ્રેમ છે. જો ઉદ્ધવ અને રાજ ફરીથી એકસાથે થઈ જાય તો મહારાષ્ટ્રમાં ખુશી ફેલાઈ જશે.

અલ્લુ અર્જૂન સામેની પોલીસ તપાસ રાજકીય વિવાદનું કારણ બની

હૈદ્રાબાદના સંધ્યા થિયેટરમાં ૪થી ડિસેમ્બરે પુષ્પા - ૨ ફિલ્મના સ્ક્રીનીંગ વખતે થયેલી ભાગદોડ પછી સુપર સ્ટાર અલ્લુ અર્જૂનની ઉંઘ હરામ થઈ ગઈ છે. તેલંગાણાની કોંગ્રેસ સરકારે થોડા દિવસો પહેલા અલ્લુ અર્જૂનની ધરપકડ કરી અને તેને જામીન પણ તરત જ મળી ગયા હતા. બે દિવસ પહેલા એક મોટા ટોળાએ અલ્લુ અર્જૂનના મકાન પર હુમલો કરી ભાંગફોડ કરી હતી. અલ્લુ અર્જૂને પત્ની અને બાળકો સાથે ઘર છોડીને ચૂપચાપ નિકળી જવું પડયું હતું. હવે અલ્લુ અર્જૂનને હૈદ્રાબાદ પોલીસે પૂછપરછ માટે બોલાવ્યા છે. થિયેટરમાં થયેલી ભાગદોડ મામલે પોલીસ એમની પૂછપરછ કરી રહી છે. આ બાબતે હવે ભાજપ અને કોંગ્રેસ એક બીજા પર આક્ષેપો કરી રહ્યા છે. તેલંગાણાના કોંગ્રેસી મુખ્યમંત્રી રેવંથ રેડ્ડીએ વિધાનસભામાં ભાગદોડ માટે અલ્લુ અર્જૂનને જવાબદાર ઠેરવ્યા એ બાબતે ભાજપનું કહેવું છે કે અલ્લુ અર્જૂન કોંગ્રેસની વિચારધારાના વિરોધી હોવાથી એમને ટાર્ગેટ કરવામાં આવે છે. એમના ઘર પર થયેલા હુમલામાં પણ કોંગ્રેસના કાર્યકરો સામેલ હતા. હવે જોઈએ કે ભવિષ્યમાં અલ્લુ અર્જૂન રાજકીય રીતે કોની તરફ ઢળે છે.

સતત ૯માં વર્ષે બિરિયાની ભારતીઓની પહેલી પસંદ

સતત ૯માં વર્ષે ભારતના સ્વાદ શોખીનોની પહેલી પસંદ બિરિયાની રહી છે. આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર સુધીમાં ૮.૩ કરોડ લોકોએ બિરિયાની માટે ઓર્ડર કર્યો હતો. મતલબ કે દર મિનિટે ૧૫૮ અને દર સેંકડે ૨ બિરિયાનીનો ઓર્ડર થયો છે. ત્યાર પછી બીજો નંબર ઢોસાનો છે. ૨.૩ કરોડ ઢોસાનો ઓર્ડર આ સમયગાળા દરમિયાન થયો છે. આ માહિતી સ્વિગીની ફૂડ ટ્રેન્ડ રીપોર્ટને આધારે પ્રાપ્ત થઈ છે. ચીકન બિરિયાનીના ઓર્ડરની સંખ્યા ૪.૯ કરોડ રહી છે. દક્ષિણ ભારતના હૈદ્રાબાદમાં સૌથી વધુ બિરિયાની ખવાય છે. ત્યાર પછી બેંગ્લુરુમાં ૪૭ લાખ અને ત્યાર બાદ ૪૬ લાખ બિરિયાનીનો ઓર્ડર થયો હતો. મસાલા ઢોસા ખાનારાઓમાં બેંગ્લુરુના લોકો અવ્વલ નંબરે રહ્યા છે. જાન્યુઆરીથી નવેમ્બર સુધીમાં બેંગ્લુરુવાસીઓએ ૨૫ લાખ ઢોસાનો ઓર્ડર કર્યો હતો. ઉત્તર ભારતમાં છોલે, આલુ પરાઠા અને કચોરી ખાનારાઓની સંખ્યા વધુ છે.

એકજૂટ એનડીએ, એકજૂટ બિહાર : નીતિશ કુમારની પાર્ટીનું પોસ્ટર રીલિઝ

બિહારની ચૂંટણી આવતા વર્ષે દિવાળી પહેલાં યોજાશે, પરંતુ બિહાર મહત્ત્વનું રાજ્ય છે એ જોતાં એની ચૂંટણીની તૈયારી અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. નીતિશ કુમાર ચૂંટણી પહેલાં નવાજૂની કરશે એવો દાવો સતત તેજસ્વી યાદવ કરે છે. એની સામે નીતિશ સ્પષ્ટતા પણ કરતા રહે છે. હવે મેસેજ આપવાના હેતુથી જેડીયુએ પહેલું પોસ્ટર રીલિઝ કર્યું છે, એમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતિશ કુમારને સ્થાન આપવાની સાથે સૂત્ર લખ્યું છે : એકજૂટ એનડીએ, એકજૂટ બિહાર. ૨૦૨૫ में फिर से नीतिश कुमार.... એનડીએ અને મોદીને પોસ્ટરમાં રાખીને નીતિશ કુમારે પોતાને સીએમ ફેસ જાહેર કરી દીધા છે. એ રીતે નીતિશે ભાજપ કોઈ વ્યૂહ ઘડે એ પહેલાં ઘા મારી દીધો છે. બિહાર ભાજપના નેતા સમ્રાટ ચૌધરી અને બિહાર ભાજપ પ્રમુખ દિલીપ જયસ્વાલ કહે છે કે સીએમના નામની જાહેરાત પછીથી કરીશું. તેની સામે નીતિશે એનડીએ વતી જાહેરાત કરી દીધી હોવાનું ચિત્ર ઉપસાવ્યું છે.

ઓમર અબ્દુલ્લાની પાર્ટીના સાંસદે જ કાશ્મીર સરકારનો વિરોધ કર્યો

જમ્મુ-કાશ્મીરમાં નવી અનામત નીતિનો વિરોધ ઉઠયો છે. પહાડી ભાષી વિદ્યાર્થીઓને અલગ અનામતના મુદ્દે કાશ્મીરના વિદ્યાર્થીઓમાં રોષ ભભૂકી ઉઠયો છે. તેની સામે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. એમાં સૌથી ધ્યાન ખેંચતી બાબત એ હતી કે રાજ્ય સરકાર સામે જ પ્રદર્શનો થયા છતાં સત્તાધારી નેશનલ કોન્ફરન્સના નેતા અને શ્રીનગરની બેઠકના સાંસદ સૈયદ અબ્દુલ્લા મહેંદીએ પણ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. એ પછી મુખ્યમંત્રી પ્રદર્શનકારીઓને મળવા આવ્યા હતા અને તેમને રિવ્યૂ કરવાની ખાતરી આપી હતી. નેશનલ કોન્ફરન્સના નેતાઓ એ વાતે કેડિટ લઈ રહ્યા છે કે બીજી કોઈ રાષ્ટ્રીય પાર્ટીના સાંસદે આવી રીતે પોતાની સરકાર સામે દેખાવો કર્યા હોય તો પગલાં ભરવામાં આવે, જ્યારે નેશનલ કોન્ફરન્સમાં લોકશાહીનું સન્માન કરવામાં આવે છે.

મધ્યપ્રદેશમાં ભાજપમાં હોદેદાર બનવા નેતાઓએ ઉંમર છુપાવી

મધ્યપ્રદેશ ભાજપમાં ૧૮ જિલ્લાના પ્રમુખોની પસંદગી કરવાની છે. રાજ્ય ભાજપના યુનિટે પ્રમુખ બનવા ઈચ્છુક નેતાઓ પાસેથી બાયોડેટા મંગાવ્યો હતો. હવે એમાં ગરબડો હોવાનું જણાતા હાલ પૂરતી ચૂંટણી પાછી ઠેલવામાં આવી છે. કેટલાક ઉમેદવારોએ ઉંમર ઓછી બતાવી છે, તો ઘણાંએ ગુનાઈત રેકોર્ડ છુપાવ્યો છે. મધ્યપ્રદેશ ભાજપ યુનિટને અંદરો અંદર જ એકબીજાને એક્સપોઝ કરતી ૧૦૦ ફરિયાદો મળી હતી. મધ્યપ્રદેશ ભાજપના પ્રમુખ વી.ડી. શર્માએ કહ્યું હતું કે જાન્યુઆરીમાં બધા જિલ્લા-તાલુકાના હોદ્દેદારોની જાહેરાત કરાશે. ભાજપે જિલ્લા, તાલુકા અને શહેરના યુનિટના પ્રમુખ બનવા માટે અમુક વયમર્યાદા નક્કી કરી હોવાથી હવે સ્થાનિક નેતાઓ વય છુપાવવા માંડયા છે.

રાષ્ટ્રીય લોકદળના તમામ રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના પ્રવક્તાઓને એકાએક હટાવી દેવામાં આવ્યા છે. રાષ્ટ્રીય લોકદળના પ્રમુખ જયંત ચૌધરીએ આ નિર્ણય એટલે રાતોરાત લીધો કે તેમના પ્રવક્તાઓમાંથી કમલ ગૌતમ નામના એક પ્રવક્તાએ બાબાસાહેબ આંબેડકર મુદ્દે અમિત શાહની ટીપ્પણીનો વિરોધ કર્યો હતો. કમલ ગૌતમ દલિત નેતા છે અને તેમણે અમિત શાહની ટીકા કરી હતી. તે સિવાયના આરએલડીના નેતાઓએ પણ વિરોધ નોંધાવ્યો હતો એટલે જયંત ચૌધરીએ કાર્યવાહી કરી હતી. જયંત ચૌધરી લોકસભાની ચૂંટણી પહેલાં માર્ચ મહિનામાં એનડીએ સાથે ગઠબંધન કર્યું હતું. જયંત ચૌધરી અત્યારે કેન્દ્રમાં રાજ્યકક્ષાના મંત્રી છે. આ કાર્યવાહીથી પાર્ટીમાં ઘણાં સીનિયર નેતાઓ નારાજ થયા છે.

ફૂટનીતિક સફળતાઓના નામે રહ્યું આ વર્ષ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઐતિહાસિક કુવૈત યાત્રા સાથે આ વર્ષનો અંત થઈ રહ્યો છે. છેલ્લા ૪૩ વર્ષમાં કોઈ ભારતીય વડાપ્રધાનની આ પહેલી કુવૈત યાત્રા હતી. કુવૈતના અમીર શેખ મેશલ અલ-અહમદ અલ-જબર અલ સબાએ પોતાના દેશના સર્વોચ્ચ સન્માન 'ધ ઓર્ડર ઓફ મુબારક અલ કબીર'થી વડાપ્રધાન મોદીને સન્માનિત કર્યા. આ યાત્રામાં બંને દેશોએ વેપાર, રોકાણ, ઊર્જા, રક્ષા, સુરક્ષા, સ્વાસ્થ્ય, શિક્ષણ ટેક્નોલોજી, સંસ્કૃતિ સહિત વિવિધ ક્ષેત્રોમાં પોતાના દ્વિપક્ષીય સંબંધોને મજબૂતી આપતાં તેને એક 'રણનીતિક ભાગીદારી'માં બદલી નાખી. દેખીતું છે તેનાથી મધ્ય-પૂર્વ (ભારતથી પશ્ચિમ એશિયા)માં નવી દિલ્હીની પહોંચ વધુ મજબૂત થઈ છે. એવા સમયમાં જ્યારે પશ્ચિમ એશિયા તણાવપૂર્ણ મુદ્દાઓમાં ગૂંચવાયુંછે અને એક ક્ષેત્રીય યુદ્ધના આરે છે, ત્યારે ત્યાંના તમામ મુખ્ય હિતધારકો - ખાડીના દેશો, ઇઝરાયલ અને ઇરાન સાથે નવી દિલ્હીના ઘનિષ્ઠ સંબંધ સાધવાની ક્ષમતા ભારતની કૂટનીતિક સફળતા વિશે ઘણું બધું કહે છે. ૨૦૨૦ના ગલવાન સંકટ અને ત્યારબાદ બેજિંગની આક્રમકતાથી પેદા થયેલ ગતિરોધથી બહાર નીકળવામાં આપણે આ વર્ષે સફળ રહ્યા. બેજિંગને એ માનવા મજબૂર કરાયું કે તેની નાહકની કાર્યવાહીઓને કારણે જ પરસ્પરના સંબંધો પાટા પરથી ઉતરી ગયા. નવી દિલ્હી માટે આ એક મહત્ત્વપૂર્ણ કૂટનીતિક જીત રહી. ૨૦૨૦થી જ ભારતની સ્પષ્ટ સ્થિતિ હતી કે જ્યાં સુધી વાસ્તવિક નિયંત્રણ રેખા પર યથાસ્થિતિ બહાલ નથી થઈ જતી, ત્યાં સુધી દ્વિપક્ષીય સંબંધોના સામાન્ય થવાની કોઈ સંભાવના નથી. એ સુખદ છે કે જ્યાં ભારતીય સેનાએ સીમા પર પોતાની સ્થિતિ જાળવી રાખી, ત્યાં જ આપણી કૂટનીતિ પણ સાહસિક મુદ્રાવાળી રહી. પરિણામે ચીને પોતાનું વલણ બદલવું પડ્યું.

ઓક્ટોબરમાં ચીન અને ભારતે લાંબા સમયથી વિવાદિત સીમાના એક હિસ્સામાં પેટ્રોલિંગ માટે સમજૂતી કરી. આ સમજૂતીએ હિમાલયના ઊંચા પહાડો પર ચાલ વર્ષથી ચાલ્યા આવતા તણાવને હાલમાં ખતમ કરી દીધો. તેનાથી ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની રાષ્ટ્રપતિ જિનપિંગને રશિયામાં મળવા અને પાંચ વર્ષમાં પહેલી વાર આમને સામને વાત કરવાનો મોકો પણ આપ્યો. ઉલ્લેખનીય છે કે ૨૦૨૦માં ગલવાર્નઘટીમાં એક લોહિયાળ અથડામણમાં કેટલાય સૈનિક માર્યા ગયા હતા. જેને કારણે બંને એશિયાઇ તાકાતોના દ્વિપક્ષીય સંબંધોમાં તણાવ અને ગતિરોધ પેદા થઈ ગયો હતો. ચીની આક્રમકતાએ ભારતીય જનતામાં રોષ પેદા કર્યો, તેથી મોદી સરકારે સખત સંદેશ આપવા માટે તમામ ઉપાયો સાથે ત્યાંની સીધી ઉડાનો દંદ કરી દીધી હતી અને સોશ્યલ મીડિયા એપ 'ટિકટોક' પર પણ પ્રતિબંધ લગાવી દીધો હતો. આશાછે કે નવા વર્ષમાં પરસ્પર સંબંધો ફરીથી પાટા પર આવી જશે.

જોકે ચીન અને ભારતના પરસ્પર સંબંધોમાં પડકારોની ભરમાર છે અને બેજિંગની મહત્ત્વાકાંક્ષાઓ ક્ષેત્રીય અને વૈશ્વિક સ્તર પર ભારતની કાર્યક્ષમતાને પ્રભાવિત કરતી રહે છે. સીમા પર હજુ પણ એવા કેટલાય બિંદુ છે, જેને જિનપિંગની આક્રમક શાસન-નીતિ હવા આપી શકે છે. જોકે વડાપ્રધાન મોદીએ ચીનની વિસ્તારવાદી નીતિ વિરુદ્ધ એક મજબૂત વલણ અપનાવ્યું છે અને આ મામલે તેઓ પૂર્વવર્તી વડાપ્રધાનો કરતાં ક્યાંય મજબૂત જણાય છે, તેમ છતાં ચીન પર નિર્ભર ભારતની અર્થવ્યવસ્થા એક કમજોર કડી બનેલી છે. છેલ્લા પાંચ વર્ષોમાં ચીન સાથે આપણી આયાત વધી છે, જ્યારે નિકાસ ઓછી થઈ છે. તેનું હલ આપણે શોધવું પડશે. ચીનના સામનામાં ભારતની મદદ કરનારી બે તાકાતો અમેરિકા અને રશિયા છે. આ બંને દેશો સાથે ભાગીદારી વિકસિત કરવામાં ભારત પ્રભાવી રૂપે સફળ રહ્યું છે, જ્યારે યુક્રેન પર રશિયન આક્રમણ બાદથી જ તે બંને દેશ એકબીજા વિરુદ્ધ છે. આ વર્ષે ભારત-અમેરિકા સંબંધ આગળ વધ્યા છે, જોકે આપણા પડોશી દેશોની ઉથલપાથળ, એક ખાલિસ્તાની આતંકીની હત્યામાં કથિત સંડોવણીમાં ભારતીય સુરક્ષા એજન્ટો સામેલ હોવાના આરોપોને કારણે સંબંધોમાં ખટાશ પણ આવી. જોકે આશા એ જ છે કે વ્હાઇટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પની વાપસીની સાથે પરસ્પર હિતોને ફરીથી ધ્યાનમાં રાખવામાં આવશે. રહી વાત રશિયા સાથે સંબંધોની, તો સામાન્ય ચૂંટણીમાં સતત ત્રીજી જીત નોંધાવ્યા બાદ વડાપ્રધાને પહેલી વિદેશ યાત્રા માટે રશિયાને જ પસંદ કર્યું. એનાથી દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત થયા. રશિયા અને યુક્રેન વચ્ચે સમાન અંતર રાખવા અને રાજકીય વાર્તા માટે આહ્વાન કરવા સંબંધી વલણનો આપણને ફાયદો મળ્યો છે. જો ટ્રમ્પ યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવામાં સફળ થઈ જાય અને એવું કરીને તે ચીન અને રશિયા વચ્ચે કંઈક અંતર રાખવામાં સફળ થઈ જાય તો નવી દિલ્હીને બહુ વધારે અનુકૂળ માહોલ મળી શકે છે.

વડોદરાના સયાજીગંજ વિસ્તારના મુખ્ય રસ્તા પર ભૂવો પડ્યો, વાહનચાલકોને હાલાકી

વડોદરા, વડોદરામાં વગર વરસાદે ભર શિયાળે ભૂવો પડવાનું હજુ યથાવત છે. શહેરના સૌથી વધુ વ્યસ્ત રહેતા વિસ્તારોમાંથી એક સયાજીગંજ વિસ્તારના મુખ્ય રોડ પર ભૂવો પડ્યોછે. ટ્રાફિકથી ધમધમતા રસ્તા પર આજે ગુરુવારે સવારે ભુવો પડતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા. સયાજી ગંજથી અલકાપુરી તરફ જવાના રોડ પર યશ કમળ પાસે ગટરની મેઈન ચેમ્બર પાસે જ આ ભૂવો પડ્યો છે. કોર્પોરેશનના અધિકારીઓ સ્થળ આવી તપાસ કરી જતા રહ્ય